## વડીલોને વંદન અભિનંદન


સવિતાબેન પી. સુશીલ
(૧૯૪૩)ફોન:૨૩૨૩૪૯૩૮


પોપટલાલ ભીખાભાઈ ઉપાલા
(૧૯૪૨)ફોન:૨૩૨૨૫૯૮૯


પ્રફુલ્લાબેન મોહનલાલ શાહ
(૧૯૫૯)મો.૯૮૨૫૪૮૭૬૬૨


બળદેવભાઈ કેશવલાલ સુથાર
(૧૯૪૩)મો. ૯૮૯૮૫૮૭૩૪૦


કોકીલાબેન એન. લીંબાચીયા
(૧૯૪૭)ફોન:૨૩૨૨૭૯૭૩

# મુંબઈમાં થયેલી ત્રણ કરોડની લૂંટના ત્રણ આરોપી પાલનપુરમાંથી ઝડપાયા

## મુંબઈ પોલીસ મુદ્દામાલ સાથે આરોપીઓને લઈ મુંબઈ જવા રવાના

પાલનપુર, તા. ૪

મુંબઈના કુર્લા વિસ્તારમાં એક જ્વેલર્સની દુકાનમાં થયેલી ત્રણ કરોડની સનસનાટી ભરી લૂંટની તપાસ કરતી મુંબઈ પોલીસને પગેરું પાલનપુરમાં મળી આવતા મુંબઈ પોલીસે પાલનપુરમાં ધામા નાંખ્યા હતા. દરમિયાન, આજે મુંબઈ પોલીસે પાલનપુરમાંથી ત્રણ આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી લેતા ચકચાર મચી જવા પામી હતી.

મુંબઈના કુર્લા વિસ્તારમાં આવેલી એક જ્વેલર્સની દુકાનમાં ગત ૩૦મી તારીખે ૨.૮૯ કરોડની સનસાટીભરી લૂંટ થઈ હતી. જે ગુનાનો ભેદ સી.સી.ટી.વી. ફુટેજના આધારે મુંબઈ પોલીસે ઉકેલી લેતા તેનું પગેરું પાલનપુર પહોંચ્યું હતું. દરમિયાન,



લૂંટના ગુનામાં આરોપીઓને ઝડપી લેવા પાલનપુરમાં ધામા નાંખી બેઠેલી મુંબઈ પોલીસને આજે સફળતા હાથ લાગી હતી. મુંબઈ પોલીસે આજે આ ગુનામાં સંડોવાયેલા પાલનપુરના મોદીનગરમાં રહેતા પ્રમોદ પ્રકાશ ભાટી અને કલ્પેશ ઉર્ફે કમલેશ અંબાલાલ પટેલ તથા શહેરના શક્તિનગર ભાગ-૧માં રહેતા ભાવિન ચંદ્રકાન્ત મોદીને દબોચી લીધા હતા. મુંબઈ પોલીસે આ ત્રણે આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

દરમિયાન પાલનપુર શહેર પોલીસની હાજરીમાં મુંબઈ પોલીસ આ ત્રણે આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી લઈ મુંબઈ જવા રવાના થયા હતા. મુંબઈમાં થયેલી કરોડો રૂપિયાની લૂંટનો ભેદ પાલનપુરમાંથી ઉકેલાતા સમગ્ર શહેરમાં ચકચાર મચી જવા પામી છે.

# ખેડબ્રહ્મા પ્રોજેક્ટ ઓફીસ વિરૂધ્ધ ઈડર કોર્ટનું જપ્તી વોરંટ


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા.૪

કેન્દ્ર સરકાર પુરસ્કૃત ૨૦ સુત્રીય કાર્યક્રમમાં મુખ્યમંત્રી યોજના હેઠળ દત્તક લેવામાં આવેલ ગામોમાં આદીવાસી લોકોનું આર્થિક ધોરણ ઉંચું લાવવા માટે ગ્રોવેલ બ્રાન્ડ હાઈટેક બાયોટેક કંપોડન્ડ (ઘટક) પસંદ થયેલ જે અંતર્ગત પ્રોજેકટ ઓફીસ દ્વારા કંપની પાસેથી ધ્વારા ૨૦૦૨થી ૫૦ ગ્રામના ૨૮૦૦ પેકેટના રૂ. એક લાખના પેમેન્ટમાંથી ઓફીસ દ્વારા રૂ. ૧૯૬૦૦ બાકી રાખેલ હતા જે વારંવાર ઉઘરાણી કરવા છતાં ન મળતા રાજ કીલાકર દ્વારા કોર્ટના દરવાજા ખખડાવતા કોર્ટ દ્વારા મુળ રકમ ૧૯૬૦૦ અને વ્યાજ ૨,૪૫,૪૦૩ સહીતની રકમ ચુકવવાનો આદેશ કરેલ હતો.

ઈડરની પ્રિન્સિપાલ સિનિ. સિવિલ કોર્ટથી નિકળેલ સ્પેશ્યલ દરખાસ્ત ૪/૧૩ થી ખેડબ્રહ્મા પ્રોજેકટ ઓફીસ વિરુધ્ધ જંગમ વોરંટ કાઢવામાં આવેલ જેને ખેડબ્રહ્મા કોર્ટ મારફતે સદર દરખાસ્તની જંગમ જપ્તી વોરંટનો અમલ બેલીફ વાય.એલ. ભાટીયા દ્વારા પ્રોજેકટ ઓફીસમાં કરતાં પ્રોજેકટ ઓફીસ સુમસામ જણાતી હતી. કોર્ટ દ્વારા રૂ. ૩,૨૨,૧૮૭નો મુદ્દા માલ જપ્ત કરવામાં આવેલ છે.

જપ્ત કરેલ મુદ્દામાલમાં ૧ ઝેરોક્ષ મશીન, ૧ ફેકસ મશીન, ૬ સી.પી.યુ. ને જપ્ત કરવામાં આવેલ છે જયારે એક ઈન્ડીકા કારને સીલ મારી દેવામાં આવેલ છે.

ગ્રોવેલ ઉત્પાદક એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગના રાજ કીલાકરને ૧૨ વર્ષના સંઘર્ષ બાદ રાજયની લઘુ ઉદ્યોગ સહાયક ડીલેટ ટ્રીબ્યુનલ તા. ૨૪-૬-૨૦૧૩ના આધારે રૂ. ૨૦૦૦૦ પેટે કાયદાકીય જોગવાઈ મુજબ ૧૮ માસીક ચકવૃદ્ધિ વ્યાજ એવોર્ડની ચુકવણીના હુકમમાં નિષ્ફળ ઈડર દિવાની કોર્ટ દ્વારા ખરીદી કરનાર પ્રાયોજના વહીવટદાર અધિકારી કચેરી, ખેડબ્રહ્માના વિરુધ્ધ ૩,૨૨,૧૮૭ ચુકવવામાં નિષ્ફળ જતા લેણદાર ગ્રોવેલની તરફેણમાં જપ્તી વોરંટ કાઢવામાં આવે પણ તેમાં ચાર વાર વારંટ નિષ્ફળ જતા તા. ૩-૨-૨૦૧૪ના પાંચમી વખતે પોલીસ બંદોબસ્તમાં ખેડબ્રહ્મા બેલીફ સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરી મુદ્દા માલ જપ્ત કરવામાં આવેલ હતો.

## મુમુક્ષુ કુ.હિરલની પાર્મેશ્વરી દીક્ષા (પ્રવ્રજ્યા)

અમદાવાદ, તા.૪

પૂ.તપાગચ્છાધિપતિ આચાર્ય દેવ રામસુરિશ્વરજી મ.સા. (ડહેલાવાળા)ના શિષ્યરત્ન જગચ્ચંદ્ર સૂરીશ્વરજી મ.સા., આદિઠાણાં નિશ્રામાં અમદાવાદ નિવાસી ભરતભાઈ હીરાલાલ શાહની સુપુત્રી ચિ.હિરલનો દીક્ષા (પ્રવજ્યા પ્રદાન વિધિ)પ્રસંગ મહાસુદ-૬ તા.૫-૨-૨૦૧૪ને બુધવારના રોજ સવારે ૮-૩૦ ક. આદિનાથ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (મલબારહીલ જૈન દેરાસર), પ્રેમચંદનગર રોડ, વસ્ત્રાપુર ખાતે યોજાશે.

# વટવામાં અંગત અદાવતમાં પથ્થરમારો કરાતા તંગદિલી ફેલાઈ

અમદાવાદ, તા.૪

અમદાવાદના વટવા વિસ્તારમાં જાહેર વિસ્તારમાં ગોળીબાર થતાં અફરા-તફરી મચી ગઈ હતી. આ ગોળીબાર બાઈક અથડાતા થયો હોવાનું જાણવા મળ્યું છે. જોકે, આ ગોળીબારમાં કોઈને ઈજા થઈ નથી.

સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે વટવા સૈયદવાડી અલફલા વિસ્તારમાં નદીમ કસાઈ અને ઈરફાન મેવ વચ્ચે મારામારી થઈ હતી. અંગત અદાવતમાં થયેલી આ બબાલમાં સામસામે પથ્થરમારો થયો હતો અને નદીમ કસાઈએ પોતાના દેશી તમંચાથી ગોળીબાર પણ કર્યો હતો. આ અંગે વટવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેમજ ફાયરિંગ કરનાર નદીમ ફરાર થઈ ગયો છે. મળતી માહિતી પ્રમાણે ઈરફાન મેવ સૈયદવાડી વટવા રહે છે. તેમના ઘરની બાજુમાં જ પોતાના નાનાભાઈ સાથે નદીમ કસાઈ રહે છે. થોડા દિવસ પહેલા બોલાચાલી થઈ હતી. જેની અદાવતમાં ગઈ કાલે રાતે ફરીથી બબાલ થઈ હતી. જેમાં નદીમ કસાઈ અને તેના બે પુત્રો સામેલ હતા. સૂત્રોં પાસેથી મળતી માહિતી પ્રમાણે આસિફ અને નદીમના પુત્ર વચ્ચે મારામારી થતાં તેમના પરિવારજનો પર ગોળી છોડી હતી. જેને કારણે ભયભીત થઈ ગયેલા આસિફના ભાઈ ઈરફાન તથા તેની સાથે આવેલા રાજાન ભાગી ગયા હતા. તેમજ તેમણે વટવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદને આધારે પોલીસે નદીમની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના બની તેના સમાચાર મળતા થોડીવારમાં જ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. આ ઘટના જોવા માટે લોકોના ટોળે ટોળા ઉમટ્યા હતા. જેમાંથી એક વ્યક્તિના એક્ટીવાને નદીમના માણસોએ તોડી નાંખ્યું હતું.

# માયાબેન કોડનાની અનેક ગંભીર રોગોનો શિકાર છે

વર્ષ ૨૦૦૨માં થયેલ ગોધરા હત્યાકાંડ બાદ શહેરમાં થયેલા કોમી રમખાણો પૈકીના નરોડા-પાટીયા નરસંહાર કાંડમાં સક્રિય ભૂમિકા ભજવવા બદલ ભાજપની ભૂતપૂર્વ મહિલા અને બાળકલ્યાણ મંત્રી ડૉ.માયાબેન કોડનાણીને સ્પેશિયલ ડેઝિગ્નેટેડ કોર્ટ દ્વારા ફટકારવામાં આવેલી ૨૮ વર્ષની લાંબી સજાના પગલે માયાબેનની માનસિક અને શારીરીક હાલત એટલી કથળી ગઈ છે. તેઓ હાલ ત્રણ મહિનાના જામીન પર મુક્ત છે પણ પથારીવશ છે. હાલ માત્ર તેમના પતિ ડૉ.સુરેન્દ્ર કોડનાણી તેમની સેવામાં ખડેપગે ઊભા છે. હવે આ તબીબ દંપત્તિ એકલવાયુ જીવન જીવી રહ્યા છે.

વર્ષ ૨૦૦૨માં થયેલ નરોડા-પાટીયા હત્યાકાંડમાં કોઈ મહિલા ધારાસભ્યને ૨૮ વર્ષ જેટલી જેલની સજા મળી હોય તેવી દેશના ઈતિહાસમાં પ્રથમ હરોળની ઘટના છે. ડૉ.માયાબેન કોડનાણી શહેરના સૈજપુર વિસ્તારમાં ગાયનોકોલોજિસ્ટ તરીકે ધીકતી પ્રેક્ટિસ કરતા હતા. નરોડા વિધાનસભાની સીટ ઉપરથી સતત જીતી ધારાસભ્ય તરીકે પણ સેવા આપતા હતા. વર્ષ ૨૦૦૨માં થયેલ નરોડા પાટીયા હત્યાકાંડ બાદ તેમને રાજ્યની ભાજપ સરકારે મહિલા અને બાળવિકાસ મંત્રી બનાવી દીધા હતા. પરંતુ સુપ્રીમ કોર્ટ દ્વારા રચાયેલ સીટે તેમને નરોડા-પાટિયા હત્યાકાંડમાં આરોપી બનાવી સ્પેશિયલ ડેઝિગ્નેટેડ કોર્ટમાં આરોપ સાબિત કરી દીધા હતા. જેમાં જજ જ્યોત્સનાબેન યાજ્ઞિકે તેમને ૨૮ વર્ષની જેલની સજા ફટકારી હતી. ડૉ.માયાબેનને ૨૮ વર્ષ જેટલી લાંબી સજા ફટકારતા છેલ્લા ઘણાં સમયથી તબીયત ખરાબ રહેતી હતી. સારવાર કરાવવા ગુજરાત હાઈકોર્ટમાં ત્રણ મહિનાના વચગાળાના જામીન માંગ્યા હતા.

# ઊંઝા તાલુકાના બિસ્માર માર્ગોથી પ્રજા પરેશાન

ઊંઝા, તા. ૪

ઊંઝા તાલુકાના ગામડાઓને જોડતા અનેક પાકા માર્ગોની બિસ્માર હાલતથી ગ્રામ્ય પ્રજા ભારે મુશ્કેલી અનુભવી રહી છે. તાલુકાના સૌથી વધુ ગામડાઓને જોડતા ઊંઝા-દાસજ વાયા ભાંખર માર્ગ છેલ્લા ઘણા વખતથી ખૂબ જ બિસ્માર પરિસ્થિતિમાં મુકાયો છે.

ઊંઝાથી દાસજ સુદીનો અંદાજે આઠ કિલોમીટરના માર્ગમાં ઠેર ઠેર નાના-મોટા ખાડાઓ પડી ગયા છે. આ ઉપરાંત આ રોડ પરનો ડામર અને કપચી ઉખડી જતા આ માર્ગેથી પસાર થતા દરેક વાહનોને અવરજવર કરવામાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ઊંઝાથી સુરપુરા, બોકરવાડાને જોડતા ગ્રામ્ય માર્ગોની હાલત પણ અતિશય ખરાબ બની ચુકી છે. આ માર્ગો પર આવેલી શાળાઓ હોઈ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

# ઉનાવામાં મહાકાલી માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા કરાશે

ઊંઝા નજીક આવેલા ઉનાવા ગામે વણકરવાસમાં આવેલ શ્રી મહાકાળી માતાજીના મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ આગામી તા. ૧૨ અને ૧૩ ફેબ્રુઆરીના રોજ યોજાનાર છે. તા. ૧૨મી ફેબ્રુઆરીએ સવારે યજ્ઞથી આ મહોત્સવનો પ્રારંભ થશે અને ત્યારબાદ શોભાયાત્રા કાઢવામાં આવશે. આ મહોત્સવમાં મૂર્તિ પ્રતિષ્ઠા, શિખર અને ધજા આરોહણ જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાશે. આ મહોત્સવને કારણે ઉનાવાના સમસ્ત વણકરભાઈઓ દ્વારા તડામાર તૈયારીઓ આરંભાઈ છે.

## નવી દરખાસ્તો..

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષે રાજય સરકાર સંપૂર્ણ બજેટને બદલે લેખાનુદાન બજેટ રજુ કરનાર છે અને આગામી ચાર માસ માટેના ખર્ચને પહોંચી વળવા અંદાજે રૂ. ૪૦ હજાર કરોડનું લેખાનુદાન લાવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ૨૦મીથી વિધાનસભાનું ટૂંકું સત્ર શરુ થનાર છે. આ સત્રમાં રાજયના નાણા મંત્રી દ્વારા લેખાનુદાન અંદાજપત્ર રજુ કરવામાં આવનાર હોઈ અંદાજપત્ર પ્રવચન માટે પણ વિગતો મોકલી આપવા સંબંધીત વિભાગોને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## નવા હેન્ડસેટ અપાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુજબ અધિકારીઓને આપવામાં આવેલ બ્લેક બેરી મોબાઈલો બંધ થઈ જતાં આ મોબાઈલ નકામા બનતા હવે રાજય સરકારે આ અધિકારીઓને બ્લેક બેરીના સ્થાને નવા અદ્યતન ટેકનોલોજીથી સજ્જ હોય તેવા આધુનિક મોબાઈલ હેન્ડસેટ આપવાનો સૈધ્ધાંતિક નિર્ણય કર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકાર દ્વારા ઉચ્ચ અધિકારીઓને રૂ. ૩૦,૦૦૦ની કિંમતના અદ્યતન ટેકનોલોજી સજ્જ મોબાઈલ હેન્ડસેટો આપવામાં આવનાર છે. નવા મોબાઈલ હેન્ડ સેટો ખરીદવા અને અધિકારીઓને ફાળવવા માટેની કાર્યવાહી હાથ ધરવા માટેની સૂચનાઓ સામાન્ય વહીવટ વિભાગને આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સચિવ કક્ષાથી નીચેના વર્ગ-૧ કક્ષાના અધિકારીઓને મોબાઈલ હેન્ડસેટ સરકાર દ્વારા આપવામાં આવતા નથી પરંતુ આ અધિકારીઓને અમુક રકમની મર્યાદામાં મોબાઈલ બીલ આપવામાં આવે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આગામી ટૂંક સમયમાં નવા અદ્યતન ટેકનોલોજીવાળા મોબાઈલ હેન્ડસેટ ખરીદવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને ઉચ્ચ સનદી અધિકારીઓને ફાળવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## ૨૬ સેક્ટરો બનશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારમાં ગાંધીનગરની પેટર્ન મુજબ નવા ૨૬ સેકટરો પણ અસ્તિત્વમાં આવશે.

ગુડાની પુનરાવર્તિત વિકાસ યોજના ૨૦૨૪ને આજે સત્તામંડળની ૪૭મી બોર્ડ બેઠકમાં રજુ કરી ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. વિકાસના નવા માસ્ટર પ્લાન અન્વયે વાંધા સૂચનો મંગાવવા ઉપરાંત સરકારની મંજુરી માટેની હવે પ્રક્રીયા હાથ ધરાશે. શહેરી વિકાસ સત્તા મંડળની આગામી ૧૦ વર્ષની વિકાસ યોજના શહેરીકરણ, એફોર્ડેબલ રહેણાંક, મકાનોની ઉપલબ્ધિ તેમજ માળખાગત સુવિધાને ધ્યાને લઈ તૈયાર કરવામાં આવી છે. જેમાં આગામી બે દાયકા સુધીના વસતી વધારાને પણ ધ્યાને લેવામાં આવ્યો છે. કોર્પોરેશન વિસ્તારની વર્ષ ૨૦૩૧ની સ્થિતિએ ૩,૩૫,૬૭૮ થવાનો અંદાજ છે.જયારે આ મુજબ ગુડા વિસ્તારની વસતીનો આંક પણ વર્ષ ૨૦૩૧માં ૧૦ લાખ સુધી થવાનો અંદાજ છે. ગાંધીનગરનો નવો વિકાસ નકશો વર્ષ ૨૦૨૪ સુધીનો છે. વિકાસની આ નવી યોજના અન્વયે રૂ. ૨ હજાર કરોડનો ખર્ચ કરવામાં આવશે. પુનરાવર્તિત વિકાસ યોજના હેઠળ શહેરને હરિયાળું, પ્રદુષણ મુકત, સુઆયોજીત અને ઈન્સ્ટીટયુશનલ શહેર બનાવવાનો હેતુ ધ્યાને રાખવામાં આવ્યો છે. નવા જી.ડી.સી.આર.નો અમલ થશે જેમાં પ્રત્યેક નાગરિક પોતાના મકાનમાં એક માળ કોઈ પણ પ્રકારના ચાર્જ વગર બાંધી શકશે જયારે નાના પ્લોટ ધારકોને પણ લાભ થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. જેના પરીણામે નાના પરિવારોની સમસ્યા હલ થશે. આ ઉપરાંત નાના પ્લોટ ધારકો ઓછામાં ઓછા ૨૬૦ મીટરના વિસ્તારમાં પાંચ માળ સુધીનું બાંધકામ કરીશકશે. ત્રણથી ચાર પ્લોટ ધારકો ભેગા થઈ આ યોજનાનો લાભ લઈ શકશે. જેના લીધે વધુ બાંધકામ ઉપરાંત પાર્કીંગની સુવિધા પણ ઉપલબ્ધ થશે. શહેરની મધ્યમાં આવેલ સેન્ટ્રલ વિસ્ટાને કોરીડોર બનાવી ગ્રીન ઈન્સ્ટીટયુશનલ કોર ઝોનનું આયોજન કરવામાં આવ્યું છે. ગુડાની નવી વિકાસ યોજના અન્વયે ગાંધીનગર પૂર્વનો ઉદય થશે. ન્યૂ ગાંધીનગરમાં શહેરના સેકટરોની પેટર્ન મુજબ ૨૬ સેકટરોનું નિર્માણ કરાશે નવા ટી.પી. વિસ્તારમાં ઈન્સ્ટીટયુશનલ સીટી બનાવાશે. શહેરના ગ્રીનકોર ઝોનમાં બાંધકામની મંજૂરી આપવામાં આવશે નહીં. નવી યોજના અન્વયે નવી ૫ શાળા માટે ૪ હજાર સ્કવેર મીટર જગ્યા પ્રત્યેક સ્કુલ માટે ફાળવવામાં આવશે. સે-૩૦માં ૧૫ હેકટરમાં હોલસેલ એગ્રી પ્રોડકટ માર્કેટનું આયોજન કરવામાં આવશે. જયારે સે-૬માં ફાર્મસી માર્કેટ બનશે. શહેરમાં સે-૩૦, ૨૪, ૬ અને સે-૩ ન્યૂમાં આર્થિક રીતે નબળા તથા મધ્યમવર્ગના નાગરિકો માટે ૮ હજાર મકાનો થઈ શકે તેવું આયોજન છે.

## હેલ્પલાઈનનો પ્રારંભ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હરહંમેશ મહિલાઓના પ્રશ્નોને વાચા આપવા કાર્યરત રહે છે. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી રજનીભાઈ પટેલે મહિલા સશક્તિકરણ અને મહિલા વિકાસ માટે સરકારની પરીણામલક્ષી કામગીરી દોહરાવી જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી દ્વારા પ્રાથમિક શાળાઓમાં કન્યાઓનું સો ટકા નામાંકન, બેટી બચાવો, બેટી વધાવો ઝુંબેશ દ્વારા સ્ત્રી ભ્રુણ હત્યા રોકવામાં ગુજરાતની સફળતા જેવા અનેકવિધ કાર્યોમાં હવે ૧૮૧ અભયમ હેલ્પલાઈન પણ મહિલા સશક્તિકરણનું શ્રેષ્ઠ માધ્યમ બનશે.

## ગુજરાતી યાત્રીઓને...

● અનુસંધાન પહેલાનું ચાલુ


જુનાગઢ, રાજકોટના લોકો હતા. મૃત્યુ પામેલા તમામ લોકોની ઓળખ થઈ શકી નથી પરંતુ છ લોકોન નામ સપાટી પર આવ્યા છે. પોરબંદરથી બસ દ્વારા કન્યાકુમારીના પ્રવાસે નિકળ્યા હતા અને તેઓ પ્રવાસથી પરત ફરી રહ્યા હતા. બસનો નંબર જીજી-૨૩-ડબલ્યુ-૭૯૯૨ છે. તેઓ ૨૬ દિવસના પ્રવાસે ગયા હતા. અકસ્માત બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. આ જ જગ્યાએ ગયા મહિને એક કન્ટેનર અને ટેમ્પા વચ્ચે ટક્કર થઈ હતી જેમાં નવ લોકોના મોત થયા હતા. ઈજાગ્રસ્તોને પૂરતી સારવારની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

## સંવેદના પ્રગટ કરાઈ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્ય આ પરિવારોની પડખે છે તેમ જણાવી કહ્યું હતું કે, ભાજપાનું મહારાષ્ટ્ર એકમ અસરગ્રસ્તોની મદદે પહોંચ્યું છે. ઉપરાંત દુર્ઘટનાના ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી તેમણે પ્રાર્થના કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સોમવારે મોડી રાત્રે આ અકસ્માત સર્જાયો હતો. તમામ લોકો પ્રવાસ કર્યા બાદ ગુજરાત પરત ફરી રહ્યા હતા. બસથી આગળ ચાલી રહેલા એક કન્ટેનર દ્વારા એક કારને ટક્કર મારીદીધા બાદ બસના ચાલકે કાબૂ ગુમાવી દીધો હતો. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પણ પોતાના ટ્વિટર એકાઉન્ટ પર ટ્વિટ કરીને પૂણે-સતારા રોડ અકસ્માતમાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી છે. સાથે સાથે શોક સંતપ્ત પરિવારો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી છે.

## શબ્દાવલી - ૫૩૦૪



### આડી ચાવી

૧. બારણુ, દ્વાર (૪)
૫. પાસે, નજીક (૩)
૮. જલસાની બેઠક, મેળાવડો (૪)
૯. મારવાનો તાંત્રિક પ્રયોગ(૩)
૧૦. પથારી, શૈયા (૨)
૧૧. દેનાર, દાન આપનાર (૩)
૧૩. ધનવાન, માલદાર (૩)
૧૪. જગ્યા, ફુરસદનો સમય(૪)
૧૮. કલમ કરીને ઉગાડેલ વૃક્ષ (૩)
૧૯. તાવ વગેરે કોઈક રોગ(૫)
૨૨. ઝરણુ, અવિરતધારા (૪)
૨૩. તાર, દોરો (૩)

### ઊભી ચાવી

૧. ભપકામય, તેજમય (૫)
૨. રજકણ, ધૂળ (૨)
૩. રક્ષક-પાલક (૫)
૪. જુસ્સો, તરવરાટ (૨)
૫. સમાજમાં સેવા કરનાર(૬)
૬. અમીર, એ નામની જાતીનો માણસ (૨)
૭. ધનુષની દોરી (૩)
૧૨. મુસ્લિમની એક ન્યાત(૨)
૧૫. આજ પછીનો દિવસ (૨)
૧૬. તંબુ, શણગારેલ મંડપ(૪)
૧૭. હરણની માદા (૩)
૧૯. શાળામાં નિયત કરેલ ભણવાનો એક વિષયનો સમય (૨)
૨૦. પતિ, સ્વામી (૨)
૨૧. ઢોંસા બનાવવાનું પાત્ર(૨)

### શબ્દાવલી ૫૩૦૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) મેઘધનુષ્ય (૪) ડચકા (૬) નીતિનિયમ (૧૦) મહેનત (૧૧) દાદી (૧૩) રસ (૧૫) રાજકમલ (૧૭) રોલ (૧૯) ડોલ (૨૦) મતલબ

**ઊભી ચાવી :-** (૧) મેદની (૨) ધમની (૩) પાકા (૫) ચરોતર (૭) તીરંદાજ (૮) યમ (૯) મહેતલ (૧૨) દીકરો (૧૪) સરળ (૧૫) રાફડો (૧૬) મલમ (૧૮) બીલ


## આખરી જાહેરનામુ

જમીન સંપાદન અધિનિયમ સને ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)
ગામ : (૧) ચારોલ (૨) વાઘરોડા (૩) પિરોજપુર (૪) બલાસર
તાલુકો : કડી જીલ્લો : મહેસાણા

કલમ - ૬ જાહેર નામાની વિગત

| ક્રમાંક | ગામ | તારીખ | કેસ નંબર |
|---|---|---|---|
| ખાજસંઅ/કલમ-૬/કડી-૧/૮૬/૧૩ | ચારોલ | ૨૮/૧૨/૨૦૧૩ | ૨૫/૨૦૧૩ |
| ખાજસંઅ/કલમ-૬/કડી-૧/૮૭/૧૩ | વાઘરોડા | ૨૮/૧૨/૨૦૧૩ | ૨૬/૨૦૧૩ |
| ખાજસંઅ/કલમ-૬/કડી-૧/૮૮/૧૩ | પિરોજપુર | ૨૮/૧૨/૨૦૧૩ | ૨૭/૨૦૧૩ |
| ખાજસંઅ/કલમ-૬/કડી-૧/૯૧/૧૩ | બલાસર | ૨૮/૧૨/૨૦૧૩ | ૩૦/૨૦૧૩ |

કલમ-૪ જાહેરનામાની વિગત

| ક્રમાંક | ગામ | તારીખ | કેસ નંબર |
|---|---|---|---|
| ખાજસંઅ/કલમ-૪/કડી-૧/૭૩/૧૩ | ચારોલ | ૨૫/૦૯/૨૦૧૩ | ૨૫/૨૦૧૩ |
| ખાજસંઅ/કલમ-૪/કડી-૧/૭૪/૧૩ | વાઘરોડા | ૨૫/૦૯/૨૦૧૩ | ૨૬/૨૦૧૩ |
| ખાજસંઅ/કલમ-૪/કડી-૧/૭૫/૧૩ | પિરોજપુર | ૨૫/૦૯/૨૦૧૩ | ૨૭/૨૦૧૩ |
| ખાજસંઅ/કલમ-૪/કડી-૧/૮૨/૧૩ | બલાસર | ૧૮/૧૦/૨૦૧૩ | ૩૦/૨૦૧૩ |

જમીન સંપાદન ધારાની કલમ-૫૨ (એ) અન્વયે આપવામાં આવેલી સત્તા અન્વયે નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, (નર્મદા યોજના), કડી-૧, કડી, જિ. મહેસાણાને જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ-૫(ક)ની પેટા કલમ (૨) મુજબના અહેવાલને વિચારણામાં લીધા બાદ એવી ખાતરી થઈ છે કે, હિત સંબંધ ધરાવતા ઈસમો તરફથી કોઈ વાંધો લેવામાં આવેલ નથી અને ઉક્ત જમીનો આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલા સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

આથી ઉક્ત અધિનિયમની કલમ-૬ની જોગવાઈઓ અન્વયે એવું જાહેર કરવામાં આવે છે કે, ઉક્ત જમીનો આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

**અનુસૂચિ-૧**

વળતર કેસ નંબર : ૨૫/૨૦૧૩
જીલ્લો : મહેસાણા તાલુકો : કડી ગામ : ચારોલા
ભાગ-(કોલમ-૧)
સંપાદનનો હેતુ : સરદાર સરોવર નર્મદા નિગમ લિ., હસ્તકની નર્મદા યોજનાની વિરમગામ-૨ શાખા નહેરની ચારોલ ડીસ્ટ્રીબ્યુટરીની નારણપુરા-૪ માઈનોર નહેરના બાંધકામ માટે

| સર્વે નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ (હેઆરેચોમી) |
|---|---|
| ૨ | ૩ |
| ૧૫૨ પૈકી | ૦-૦૫-૫૯ |
| કુલ-૧ | ૦-૦૫-૫૯ |

**અનુસૂચિ-૨**

વળતર કેસ નંબર : ૨૬/૨૦૧૩
જીલ્લો : મહેસાણા તાલુકો : કડી ગામ : વાઘરોડા
ભાગ-(કોલમ-૧)
સંપાદનનો હેતુ : સરદાર સરોવર નર્મદા નિગમ લિ., હસ્તકની નર્મદા યોજનાની વિરમગામ-૧ શાખા નહેરની કાદીપુર ડીસ્ટ્રીબ્યુટરીની વાઘરોડા-૨ માઈનોર નહેરના બાંધકામ માટે

| સર્વે નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ (હેઆરેચોમી) |
|---|---|
| ૨ | ૩ |
| ૪૮૫/૧ પૈકી | ૦-૧૯-૪૦ |
| ૪૮૫/૩ | ૦-૦૧-૩૯ |
| કુલ-૨ | ૦-૨૦-૭૯ |

**અનુસૂચિ-૩**

વળતર કેસ નંબર : ૨૭/૨૦૧૩
જીલ્લો : મહેસાણા તાલુકો : કડી ગામ : પિરોજપુર
ભાગ-(કોલમ-૧)
સંપાદનનો હેતુ : સરદાર સરોવર નર્મદા નિગમ લિ., હસ્તકની નર્મદા યોજનાની વિરમગામ-૧ શાખા નહેરની શિયાપુરા ડાયરેક્ટ માઈનોરની પિરોજપુર બ્રાન્ચ માઈનોર નહેરના બાંધકામ માટે.

| સર્વે નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ (હેઆરેચોમી) |
|---|---|
| ૨ | ૩ |
| ૪/૨ | ૦-૧૨-૩૬ |
| કુલ-૧ | ૦-૧૨-૩૬ |

**અનુસૂચિ-૪**

વળતર કેસ નંબર : ૩૦/૨૦૧૩
જીલ્લો : મહેસાણા તાલુકો : કડી ગામ : બલાસર
ભાગ-(કોલમ-૧)
સંપાદનનો હેતુ : સરદાર સરોવર નર્મદા નિગમ લિ., હસ્તકની નર્મદા યોજનાની વિરમગામ-૨ શાખા નહેરની લક્ષ્મીપુરા ડીસ્ટ્રીબ્યુટરીની થડોદ-૩ માઈનોર નહેરના બાંધકામ માટે.

| સર્વે નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ (હેઆરેચોમી) |
|---|---|
| ૨ | ૩ |
| ૧૫૧/૨ પૈ.૧ | ૦-૧૯-૦૩ |
| કુલ-૧ | ૦-૧૯-૦૩ |

(કે. એન. ચાવડા)
નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી
(ન.યો.) કડી-૧, કડી, જી. મહેસાણા

ક્રમાંક : નામાનિ/મહે/૩૯૧/૧૩-૧૪